પેજ નં - 1

**માહે રમઝાન 1432 માં રીયુનીયન સેમ્પીયર ખાતે જમાત તરફથી સવાલ જવાબની હરિફાઇનું આયોજન રાખેલ હતું, તેમા જે સવાલો હતા તે જવાબો સાથે નીચે મુજબ છે,**

સ.1 :- "રમઝાન" શબ્દ કુરઆને મજીદમાં કયા સુરા અને કઇ આયતમાં છે ?
જવાબ :-સુરએ બકરા **2**,આયત નં.**185.**
સ.2:-નબી સ.અ.વ. ઉપર ખુદા તરફથી રોઝા રાખવાનો હુકમ કઇ હિજરીમાં આવ્યો ?
જવાબ :- **2** હિજરીમાં.
સ.3 :- કુરઆને મજીદમાં સૌથી મોટી આયત કઇ છે ? અને તેનો વિષય શું છે ?
જવાબ :- સુરએ બકરા, આયત **282.** કરઝ આપવું લેવડ દેવડ.
સ.4:- કુરઆને મજીદમાં કયા મહિના અને દિવસોના નામ આવેલા છે ?
જવાબ :- રમઝાન સુ.બકરા આ.**185,** સુ.જુમ્મા આ. **9** જુમા,
સુ.આરાફ આ.**163** સબ્ત શનિવાર,
સ.5:- બની ઈસ્રાઈલ કયા નબીની ઔલાદ છે ?
જવાબ :- યાકુબ નબી અ.સ.
સ.6 :- સુરએ મોમેનુનમાં કામીયાબ મોમીનની કેટલી નિશાનીઓ બયાન થઈ છે ?
જવાબ :- **7**
સ.7 :- જ.જાફરે તૈયાર ઈથોપીયાના રાજા સામે કયા સુરાની તિલાવત કરી હતી ?
જવાબ :- સુરએ મરયમ
સ.8 :- સુ. મુદસ્સીરમાં જન્નતીઓ જહન્નીઓને પુછે છે કે શું કામ જહન્નમમાં નાખવામાં આવ્યા છો ? તો તે કારણ કેટલા અને કયા છે ?
જવાબ :- **4** કારણ છે, નમાઝ પઢતા ન હતા, ગરીબોને જમાડતા ન હતા,
નકામી વાતો કરવાવાળા સાથે બેસતા હતા,કયામત ઉપર ઈમાન રાખતા ન હતા,
સ.9 :- ઈસ્લામની પહેલી શહીદા ઔરત કોણ હતી ?
જવાબ :- જનાબે સુમય્યા, જનાબે અમ્મારે યાસીરની માતા,
સ.10 :- કુરઆને મજીદની એક જ આયતમાં અલ્લાહના સૌથી વધારે નામ કયા સુરાની આયતમાં છે ?
જવાબ :- સુરએ હશ્ર, આયત **23**
સ.11 :- આયતે વઝુ કયા સુરામાં અને કઇ આયત છે ?
જવાબ :- સુરએ માએદા , આયત **6**
સ.12: કુરઆનમાં કઇ આયત છે જેમા સૌથી વધારે નબીઓના નામો છે અને કેટલા છે ?
જવાબ :- સુરએ નીસા, આયત **163.** **11** નબીઓના નામ.

સ.13 :- કઈ જગ્યા પર નમાઝ કસ્ર અને પુરી બન્ને પઢી શકાય છે ?

જવાબ :- મસ્જીદુલ હરામ, મસ્જીદે નબવી, મસ્જીદે કુફા અને હરમ ઈમામ હુસૈન અ.સ.

સ.14 :- શીઆની ચાર કિતાબો કઈ કઈ છે ?

જવાબ :- અલ કાફી, અલ ઈસ્તેબસાર, મન લા યહઝરુલફકીહ , તહઝીબુલ અહકામ,

સ.15 :- સુરએ લુકમાનમાંથી જનાબે લુકમાનની પાંચ નસીહતો તેમના દીકરાને ?

જવાબ :- શીર્ક ન કરજે, મા બાપ નો એહતેરામ, ઘમંડ ન કર, મોટી અવાઝે ન બોલ, નમાઝ કાયમ કર, અમ્રબીલ મઅરૂફ અને નહ્યઅનીલ મુન્કર કર અને તકવા,

સ.16 :- કુરઆને મજીદમાંથી પાંચ કયામતના નામો સુરા અને આયત સાથે બતાવો?

જવાબ :- **યવમલ કીયામહ** સુ.2/85, **અસ્સાઅહ** સુ.6/31, **યવમુલ હીસાબ** સુ. 38/16, **અલવાકીયાહ** સુ.56/1,**યવમુલ જમ્અ** સુ.64/9.

સ.17 :- જન્નતના **5** નામ ?

જવાબ :- **અલ જન્નહ** 2/25 , **દારૂસ્સલામ** 6/127**, અદન** 9/72 , **નઈમ** 31/8, **જન્નતુલ મઆવા** 53/15.

સ. 18 :- શબે કદ્ર નો ઝીક્ર જે સુરામા થયો છે તેમાથી **2** સુરાના નામ ?

જ્વાબ :- સુ. કદર અને સુ. દુખાન

સ. 19 :- કુરઆને મજીદમાંથી જહન્નમના **5** નામ આપો ?

જવાબ :- **જહીમ** સુ.બકરહ આ.119, **હુતામહ** સુ. હોમઝહ આ.4, **સઈર** સુ.નીસા આ.10, **અન્નાર** સુ.બકરહ આ.24, **સીજ્જીન** સુ.મુતફ્ફેફીન આ.7,

સ. 20 :- ઈમામ અલી અ.ની ઝાહેરી હુકુમત કેટલા વરસ હતી ?

જવાબ :- **4** વરસ **9** મહીના **21** દિવસ, ( રિવાયતમાં ઈખતેલાફ )

સ. 21 :- સુરએ રોમમાં ખુદા કેટલી આયતોમાં તેની નિશાનીઓને ઝીક્રર કરેલ છે ?

જવાબ :- આયત **20, 21, 22, 23, 24, 25, 46**

સ. 22 :- કુરઆને મજીદના કેટલા સુરાના શરૂમાં " હુરૂફે મુકત્તેઆત " છે ?

જવાબ :- **29**

સ.23 :- એ કઈ ઔરત છે જેના ચાર દીકરા કરબલામાં શહીદ થયા ? બન્નેના નામો આપો.

જવાબ :- જ.ફાતેમા બીન્તે હેઝામ ઉમ્મુલબનીન, જ.અબ્બાસ,જ.જઅફર,જ.ઉસ્માન, જ.અબ્દુલ્લાહ.

સ.24 :- માહે રમઝાનમાં મજલીસો દરમીયાન ખુદાથી નજીક થવાના રસ્તા અને રૂહાનીયત હાસીલ કરવા માટે જે વસ્તું બયાન થઈ તેમાથી ફકત 8 વસ્તું લખો ?

જવાબ :- રોઝા રાખવા દરેક અવયવો સાથે,ગુનાહોથી દુર રહેવું,ઈસ્તેગ્ફાર અને તૌબા

કરવી, ફરીથી ગુનાહો ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવું,વાજીબાત ને સમયસર અદા કરવી,નમાઝને સમજીને અને તેની મઅરેફત સાથે પઢવી, સુન્નત નમાઝો ખાસ નમાઝે શબ અને લાંબા લાંબા સજદા કરવા,ઝબાનથી અને દીલથી ઝીક્રે ખુદા કરવું, જે જગ્યાએ ગુનાહ થવાનો ડર હોય તે જગ્યા જવાથી બચવું,એતેકાફ કરવો તેમા ખાસ વિચાર કરવો કે ક્યાથી આવ્યા છીએ ? શા માટે ખુદા પૈદા કરેલ છે, કયા જવાનું છે ? શબેકદર અને તેના આમાલ, કુરઆને મજીદની સમજીને તિલાવત કરવી, મોમીનોની મદદ કરવી ખાસ કરીને પરહેઝગારોની, સારા અખલાકથી પેશ આવવું, મોહંમદ અને આલેમોહંમદ અ.સ.થી મોહબ્બત કરવી અને તેમના વસીલાથી ખુદા પાસે માંગવું, તકવા ઈખતેયાર કરવો,

અલ્લાહુમ્મ સ્વલ્લે અલા મોહંમદીવ વ આલે મોહંમદ વ અજ્જીલ ફરજહુમ

**(ખુદા બધા આમાલ કબુલ કરે અને તેની તૌફીકાત મા વધારો કરે, ઈલ્મોઅમલમાં આગળ આવવામાં મદદ કરે, ઈમામે ઝમાન અજ. ના ઝહુરમા ખુદા જલ્દી કરે, ઈલાહી આમીન)**

**કુલ મરહુમીન માટે સુરએ ફાતેહા પઢવા વિનંતી.............**

**ઈલ્તેમાસે દુવા**

Palsani_110@yahoo.fr
**29 Mahe Ramzan 1432**
**La REUNION St Pierre**